**ક્રિમીનલ કેસ નં.૧૫૮/૨૦૨૪**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** : પટણી સંજયભાઈ રમેશભાઈ અમથાભાઈ

**-: આંક-૧ લગત હુકમ :-**

સદર કામના આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ-૨૮૩ મુજબના ગુનાનું તહોમત છે. સદરહુ કેસ આ કામના આરોપી સામે ચાલે છે. તેમજ સદર કેસ સમન્સ ટ્રાયેબલ કેસ છે અને ફરીયાદપક્ષ આજદિન સુધી આરોપીને પ્રોસેસની બજવણી કરી અત્રેની અદાલતમાં ન્યાયિક કાર્યવાહી માટે હાજર રાખી શકેલ નથી. આ કામના આરોપી સામે સમન્સ/વોરંટ પણ કાઢવામાં આવેલ છે, પરંતુ ફરીયાદપક્ષ આરોપી સામે કાઢવામાં આવેલ સમન્સ/વોરંટની બજવણી કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે, વધુમાં જામીનદાર પણ મળી આવતા નથી. આમ, ગુનાની ગંભીરતા તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૮ ની જોગવાઈ તથા નામ. ગુજરાત હાઈકોર્ટના નોટિફીકેશન નંબર ડી/૨૯૧૭/૨૦૦૬, તા.૧૭/૧/૨૦૦૬ અન્વયે આરોપી સામેની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૮ ની જોગવાઈ અન્વયે સ્થગિત કરી આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી મળી આવ્યેથી ત.ક.અમલદારે આરોપી વિરૂધ્ધ ફરીથી ચાર્જસીટ અદાલતમાં રજુ કરવુ.

હુકમની જાણ સબંધિત પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજ રોજ તારીખ **૦૯મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૪** ના રોજ લોક અદાલત/સ્પે.સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૦૯.૦૩.૨૦૨૪
પાટણ

**(ફીરોઝખાન બીસ્મીલ્લાખાન પઠાણ)**
બીજા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ
Code No.GJ-00632

**(R.B.CHAUHAN)**